



# ગીયોડના મીની અંબાજીમાં પૂનમે શ્રદ્ધાનું ઘોડાપુર

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા-હિંમતનગર ચિલોડા નજીક આવેલુ એકમાત્ર ભક્તિ-શક્તિ શ્રદ્ધાના પ્રતિક સમા ગિયોડ સ્થિત મીની શક્તિપીઠ અંબાજી મંદિરે ભાદરવી પૂનમના દિવસે મા આદ્યશક્તિ જગતજનની જગદંબાના ચરણોમાં માઈભક્તો પોતાનું શીશ ઝુકાવી મનોકામના પૂર્ણ કરવા ભાવિકો તથા દર્શનાર્થીઓનું માનવમહેરામણ લાખોની સંખ્યામાં ઉમટી પડતાં મંદિરે ભક્તિનો માહોલ જામ્યો હતો. ચિલોડા વિસ્તારના જાહેરમાર્ગો પર માંઈભક્તો પગપાળા દ્વારા 'મા'ના ગુણલાં ગાતાં હાથમાં ધજા લઈ બોલ મારી અંબે જય જય અંબેના નારા સાથે નરોડા, અમદાવાદ, ગાંધીનગર, દહેગામ, પ્રાંતિજ, માણસા વિસ્તારના અસંખ્ય માઈભક્તો સોમવારની મોડી સાંજથી ચિલોડા હાઈવે માર્ગ પરથી પસાર થતાં માનવ મહેરામણથી ભક્તોની ભારે ભીડ જામી હતી. માઈભક્તોની સેવા અર્થે ચિલોડા-લવારપુર, પ્રાંતિયા, શિહોલી મોટી, ધણપ મથકે સેવાભાવી સંસ્થાઓ અને સ્વયંસેવકો દ્વારા સેવાકેન્દ્રો ધમધમી ઉઠ્યા હતા. માઈભક્તોએ સવારની મંગલા આરતીનો લ્હાવો લેવા મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટ્યા હતા.

# અસરગ્રસ્ત વેપારીઓએ સતત બીજા દિવસે પણ સજ્જડ બંધ પાળ્યો

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં અસરગ્રસ્ત વેપારીઓએ આજે પણ જડબેસલાક બંધ પાળ્યો હતો. શહેરમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનો પર બંધના એલાનના બીજા દિવસે પણ તાળા બંધી જોવા મળી હતી. અમને બચાવોના સુત્ર સાથે હેતુફેરના કિસ્સામાં ઈમ્પેકટ ફી ના કાયદાનો અમલ કરવાની માંગ સાથે વેપારીઓએ આજે બીજા દિવસે પણ વેપાર ધંધા બંધ રાખ્યા હતા. જેના લીધે સેકટરોમાં પણ સ્થાનિકોને હાલાકી વેઠવી પડી હતી. વેપારીઓના બંધનુ એલાન જારી કરવામાં આવ્યુ છે. ગઈકાલે આ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જયારે આજે પણ શહેરમાં અસરગ્રસ્ત વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો. શહેરમાં સે-૨૪, સે-૧૭ :૨૨, નાના ઘ-૨ ઘ- દોઢ અને ઘ- ૨ સહીતના વિસ્તારમાં દુકાનો બંધ જોવા મળી હતી. આ ઉપરાંત ઘ-૬ થી ચ-૬ માર્ગ આસપાસની દુકાનો ઉપર પણ તાળા વાગેલા જોવા મળ્યા હતા. આ ઉપરાંત ફુડકોર્ટ પણ બંધમાં જોડાઈ હતી. વેપારીઓએ આપેલા બંધનુ એલાન એક રીતે સફળ પુરવાર થયુ હતુ. જયારે હેતુફેરના કિસ્સામાં ન આવતા હોય તેવા વેપારીઓએ દુકાનો ચાલુ રાખી હતી. સતત બે દિવસ બંધ પાળ્યા બાદ હવે વેપારીઓ બુધવારથી રાબેતા મુજબ વેપાર ધંધો ચાલુ રાખશે. મ્યુનિતંત્રની ટીમ દ્વારા સેકટરોમાં વેપારીઓને નોટીસ આપી હેતુફેરના કિસ્સામાં દુકાનો બંધ કરી દેવાની સુચના આપતા વેપારીઓ દ્વારા દુકાનો ખાલી કરી શટરો ઉતારવામાં આવી રહ્યા છે. જયારે બંધના એલાન બાદ હવે અસરગ્રસ્ત વેપારીઓ આગળ શુ કરશે તે પ્રશ્ન હજુ યથાવત રહ્યો છે. બીજીતરફ તંત્ર દ્વારા ગુરુવારથી દબાણો પર બુલડોઝર ફેરવાની સાથે દુકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

**સેકટરોના રહેણાંકમાં ધમધમતી દુકાનો બંધ રહી આજથી રાબેતા મુજબ દુકાનો ચાલુ રહેશે**

બે દિવસના બંધના અંતે બુધવારથી રાબેતા મુજબ દુકાનો ધમધમશે.

દબાણતંત્રની ટીમ દ્વારા શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી દબાણો દુર કરવા ઉપરાંત હેતુફેરના મામલે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ત્યારે દાયકાઓથી રહેણાંક વિસ્તારમાં ધંધા વેપાર કરતા વેપારીઓએ ક્યાં જવુ તેવા જટીલ પ્રશ્ન ઉઠાવી ઉગ્ર રોષ વ્યકત કર્યો છે. મ્યુનિ તંત્રની આ કામગીરી સામે વેપારીઓએ લડત આપવાનુ શરૂ કર્યુ છે. અગાઉ મૌન રેલી સહીત સત્તાધીશોને આવેદનપત્ર આપ્યા બાદ છેલ્લા બે દિવસથી વેપારીઓ દ્વારા

# પેથાપુરની પેટા ચૂંટણીમાં ૬૨ ટકા જેટલુ ભારે મતદાન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરને અડીને આવેલ પેથાપુર નગરપાલિકાની એક બેઠક માટે આજે યોજાયેલ પેટા ચૂંટણીમાં ૬૨ ટકા મતદાન નોંધાયું છે.

૨૯૦૦થી વધુ મતદારો ધરાવતા આ વોર્ડમાં આજની પેટા ચૂંટણીમાં ભારે મતદાન થતાં રાજકીય ગણતરીકારો માટે કોયડો ઉભો થવા પામ્યો છે.

૨૭મીએ આ બેઠકની ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવશે. આ માટે તંત્રએ તેની તૈયારીઓ હાથ ધરી દીધી છે. આજે મતદાન દરમ્યાન કોઈ જ અનિચ્છનીય ઘટના બનવા પામી નથી. જોકે સવારથી જ મતદારોએ મતદાન માટે લાઈન લગાવી દીધી હતી.

આ પેટા ચૂંટણીમાં ત્રિકોણીયા જંગ ખેલાયો હતો. ભાજપ-કોંગ્રેસ ઉપરાંત એક અપક્ષ ઉમેદવારે પણ મેદાનમાં ઝુકાવ્યુ હતુ. અહિ પેટા ચૂંટણીમાં હવે કોણ કોના મત બગાડશે કે ખેંચશે તેને લઈ ગણતરીઓ મંડાઈ રહી છે.

આ પેટા ચૂંટણીનું પરિણામ આગામી સમયમાં નગરપાલિકાનું ભાવિ નક્કી કરશે. ભાજપે અહિ એસ.સી. ઉમેદવારને મેદાનમાં ઉતારી અને પ્રમુખપદ નગરપાલિકાનું જાળવી રાખવા માટે એડીચોટીનું જોર લગાવ્યુ હતુ. આ પેટા ચૂંટણી જિલ્લા કોંગ્રેસ પ્રમુખના વતનમાં હોઈ તેનું મહત્વ પણ વધી જાય છે.

હાલ તો બન્ને પક્ષોએ વિજય માટે દાવો કર્યો છે તેમજ ભારે મતદાન માટે મતદારોએ દાખવેલા ઉત્સાહને લઈ મતદારોનો આભાર માન્યો છે.

## સે. ૨૭માંથી સ્વાઈન ફ્લુનો દર્દી મળ્યો

ગાંધીનગરના સે-૨૭માંથી આજે એક કેસ સ્વાઈન ફ્લુનો મળી આવેલ છે. આ સાથે નગરમાં સ્વાઈન ફ્લુના દર્દીની સંખ્યા ૩ પર પહોંચી છે જ્યારે જિલ્લાના દર્દીઓની સંખ્યા ૧૮ થવા જાય છે. સેક્ટર-૨૭માંથી મળી આવેલ આ પુરૂષ દર્દી અમદાવાદ ખાતે સારવાર હેઠળ છે. ૩૬ વર્ષીય આ પુરૂષ દર્દીના સિરપનું પરીક્ષણ કરતાં આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો હતો. શહેરી આરોગ્ય તંત્રએ તાત્કાલિક સર્વેલન્સના હુકમો જારી કરી દીધા છે. સર્વેલન્સ દરમ્યાન કોઈજ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી.

# શૌચાલયોની જાળવણી-નિભાવણીમાં ભ્રષ્ટાચારની ઓડિયો ક્લીપને લઈ મનપામાં કોંગીએ હલ્લાબોલ કર્યું

**મેયર, ડે. મ્યુનિ કમિશનરને આવેદનપત્ર આપી લાંચીયા કાઉન્સીલર અને એજન્સી સામે કાયદેસરના પગલાંની માંગ તેમજ આ મુદ્દે જાહેર ખુલાસો કરવા ખાસ સામાન્ય સભા બોલાવવા કરી માંગ**

ગાંધીનગર, તા. ૨૫


ગાંધીનગર મહાનગર પાલિકામાં શૌચાલયોની મરામત-જાળવણી અને નિભાવણીની કામગીરીમાં લાંચ માંગવાની વાયરલ થયેલી ઓડિયો ક્લીપને પગલે કોંગ્રેસ પક્ષે મનપાની કચેરીમાં હલ્લાબોલ કરી સમગ્ર પ્રકરણમાં તપાસની સાથે તાત્કાલિક સામાન્ય સભા બોલાવવા માંગ કરી છે.

ગઈકાલે વાયરલ થયેલી આ ઓડિયો ક્લીપમાં કાઉન્સીલરના પતિ દ્વારા ખુલ્લેઆમ લાંચ માંગવામાં આવી છે અને તેથી લાંચ આપવી અને માંગવી એ ગુન્હો બનતો હોઈ તપાસની માંગ કોંગ્રેસ પક્ષે મેયર અને ડે. મ્યુનિ. કમિશ્નરને આવેદનપત્ર આપી કરી છે.

કોંગ્રેસના કાઉન્સીલરો સાથે આજે મનપાની કચેરીમાં યોજાયેલ 'હલ્લાબોલ' કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા તેમજ અન્ય પાંખોના અગ્રણીઓ જોડાયા હતા.

કાઉન્સીલરોએ આજે સ્થાયી સમિતિના ચેરમેનની કચેરીના દરવાજા ઉપર પ્લેકાર્ડ પણ ચીપકાવી દઈ મનુ-કનુના ભ્રષ્ટાચારની તપાસની માંગ કરી હતી. મહિલા કાઉન્સીલરોએ તો છાજિયા પણ લીધા હતા. 'ગલી ગલી મે શોર હે મનુ-કનુ કી જોડી ચોર હૈ' આ બન્ને કાઉન્સીલરોના રાજીનામાની તેમજ કાર્યકરોએ ગજવી દીધી હતી.

ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ



મેયર અને ડે. મ્યુનિ. કમિશ્નરને આવેદન પત્ર આપી લાંચ આપનાર એજન્સીને બ્લેકલીસ્ટ કરવા તેમજ લાંચ માંગનાર અને આપનાર સામે ભ્રષ્ટાચારની તપાસ માટે પણ માંગ કરતા પ્લેકાર્ડ કાઉન્સીલરોએ દર્શાવ્યા હતા.

"મનુ-કનુની જોડીએ કરી પાલિકાનો પાયમાલ" જેવાં સંખ્યાબંધ પ્લે કાર્ડ અને સૂત્રોચ્ચાર સાથે મનપાની કચેરી કોંગી બિહોલા, પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, કાઉન્સીલરોએ રામધૂન પણ બોલાવી હતી તેમજ કમિશ્નરની કચેરી પાસે બેસી ગયા હતા.

વાયરલ થયેલી ઓડિયો ક્લીપ આજે સમગ્ર શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બની હતી. કોંગ્રેસે કાયદેસરની કાર્યવાહી કરવા અને તાત્કાલિક સામાન્ય સભા બોલાવી જાહેર ખુલાસો કરવાની માંગ કરી છે. આ આખોય મુદો હવે પાટનગરમાં જ નહિ પરંતુ રાજકીય પ્રવાહોમાં પણ ઉત્તેજના પ્રસરાવી ગયો છે.

# સે-૧૩ અને વાવોલમાં આઠ દુકાનના તાળા તૂટયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી તસ્કરો સક્રીય બન્યા છે. તસ્કરો આંતરે દિવસે મકાન અને દુકાનને નિશાન બનાવી ચોરીઓને અંજામ આપી રહ્યા છે. ગત રોજ પણ તસ્કરોએ એક જ રાતમાં વાવોલ અને સેકટર-૧૩ની મળી કુલ આઠ દુકાનોના તાળા તોડી તરખાટ મચાવ્યો છે. તસ્કરો દુકાનમાંથી મુદ્દામાલની ચોરી કરી અંધારામાં ગુમ થઈ ગયા હતા. જો કે આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ વેપારી દુકાનદાર મારફતે થઈ નથી.

મળતી મહિતી અનુસાર ગાંધીનગરમાં ઘરફોડ ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. તસ્કરો અંધારાનો લાભ લઈ એક પછી એક સ્થળે ચોરીને અંજામ આપી રહ્યા છે. તસ્કરોએ ગત રોજ ગાંધીનગર શહેરના સે-૧૩ની ચાર દુકાનો તથા વાવોલ ગામની ચાર દુકાન મળી કુલ આઠ દુકાનને નિશાન બનાવી હતી અને અંદર પડેલ મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. વહેલી સવારે કેટલાક રાહદારીઓને આ શટર તૂટયા હોવાની જાણ થઈ હતી.




તસ્કરો દુકાનના શટર ઉંચા કરવા માટે જેકનો ઉપયોગ કરતા હોવાનું પણ નજરે ચડે છે. જો કે વાવોલ અને ગાંધીનગર સે-૧૩માં દુકાનના તાળા તૂટયા બાબતે કોઈ પણ પ્રકારની ચોરીની ફરિયાદ નોંધાઈ નથી.

## ગુજરાત સરકારના અધિક મદદનીશ ઈજનેરોનું ૨૮મુ અધિવેશન ભરૂચ ખાતે મળ્યુ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સરકારના વિવિધ વિભાગો નર્મદા, જળસંપત્તિ, કલ્પસર, તથા માર્ગ અને મકાન વિભાગના અધિક મદદનીશ ઈજનેરોનું ૨૮મું અધિવેશન તા. ૨૨-૯-૧૮ના રોજ ભરૂચમા ડૉ. આંબેડકર ભવન ખાતે સરદાર સરોવર નર્મદા નિગમના નર્મદા ડેમના મુખ્ય ઈજનેર પી.સી. વ્યાસના અધ્યક્ષપદ હેઠળ તથા ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના મહામંત્રી સંજય પટેલ અને સેવા નિવૃત્ત ડિપ્લોમાં ઈજનેર ફોરમના પ્રમુખ જે.એમ. રબારીના મહેમાનપદ હેઠળ મળ્યુ હતુ. જેમાં સમગ્ર ગુજરાતભરમાંથી આશરે ૪૦૦ ઈજનેરો હાજર રહ્યાં હતા.

આ પ્રસંગે મંડળના પ્રમુખ આર.વી. શિહોરીએ મહેમાનો તથા ઈજનેરોનું સ્વાગત કરી અભિવાદન કર્યુ. સમારંભના અધ્યક્ષ તેમજ મંચસ્થ મહેમાનોનું મંડળના હોદ્દેદારો પ્રમુખ આર.વી. શિહોરા, મહામંત્રી આર.એચ. પટેલ, દિલ્હીના અધિક મહામંત્રી કૌશિક પટેલ વિગેરેએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું. મહામંત્રી આર.એચ. પટેલે મંડળનો વિસ્તૃત અહેવાલ તથા કરેલ કામગીરીનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો.

# કલોલમાં ફૂડ પોઈઝનીંગથી આઠ ગાયના મોત નીપજ્યા

**મૃતક ગાયોનું પોસ્ટમોર્ટમ કરાયુ : એફ.એસ.એલ.ની ટીમ પણ પહોંચી**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાની ઔદ્યોગિક નગરી ગણાતાં કલોલમાં આજે ૮ જેટલી ગાયોના એક સાથે મોત થતાં સમગ્ર જિલ્લામાં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી છે. જિલ્લા પશુપાલનતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ૮ ગાયોના માલિક હજુ સુધી કોઈ જ મળી આવેલ નથી.

આ મૃતક ગાયોના પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા છે તેમજ એફ.એસ.એલ.ની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી છે અને ગાયોના વિશેરા લઈ આગળની તપાસ હાથ ધરી છે. કલોલના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કેમીકલવાળુ પાણી પીવાથી કે પછી ફૂડ પોઈઝનીંગથી મોત થયાની વિગતો હવે પોસ્ટમોર્ટમનો ડિટેઈલ રિપોર્ટ આવે ખબર પડશે. જિલ્લામાં એક સાથે ૮ ગાયના મોતના સમાચાર જિલ્લામાં પ્રસરતાં જ પશુપાલકોમાં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી છે.




ગાંધીનગરના મોટા ચિલોડા ખાતેની ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે વૃશુ રમતની રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સબ જુનિયર, જુનિયર તેમજ સિનિયર કેટેગરીમાં બૉયઝ અને ગર્લ્સ બંને વિભાગમાં સ્પર્ધા રમાઈ હતી. જેમાં કુલ ૧૩૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનાર સિનિયર કેટેગરીમાં પસંદગી પામેલ ખેલાડીઓ હવે આગામી સમયમાં મેઘાલયના શિલોંગ ખાતે રમવા જશે.




# પાલજ ગામે વરલી મટકાનો જુગાર રમતા ચાર જુગારીઓ ઝડપાયા

**ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડી તમામને દબોચી લઈ ૪,૦૦,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

ગાંધીનગર, તા.૨૫

પાલજ ગામે આવેલ જીત રેસીડેન્સીમાં ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમતા ચાર વરલી મટકાનો જુગાર રમાડતો હોવાની ખાનગી બાતમી ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચને મળી હતી જે બાતમીના આધારે બાતમી સ્થળે દરોડો પાડયો હતો ૮૭૫ ચાંદખેડા પાસે કટીંગ લખાવતા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ રૂ. ૨૨,૭૦૦ તથા મોબાઈલ ફોન નં. ૧૨ તથા



જુગારીઓને ઝડપી પાડયા હતા. ક્રાઈમ બ્રાન્ચે આ દરોડામાં કુલ ૪,૦૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામ જુગારીઓને જેલ હવાલે કર્યા હતા. આ બાબતે વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ ચલાવી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર નજીકના પાલજ ગામે જીત રેસીડેન્સી આવલી છે. જયાં મકાન નં. ૧૯માં કમલેશ ઓથાભાઈ રાવળ રહે છે અને કેટલાક સાગરીતો સાથે મળી અને જુગાર સ્થળે જુગાર રમતા આરોપી કમલેશ ઓગાભાઈ રાવળ, રહે. નારદીપુર, અશ્વિન બળદેવ રાવળ રહે. નારદીપુર, અક્ષય ઉર્ફે છસ્સો દશરથ રાવળ અને જીજ્ઞેશ ગફુરભાઈ રાવળ રહે. ઉવારસદને દબોચી લીધા હતા. આરોપીઓ વરલી મટકાના આંકનું મોબાઈલ ફોન ઉપર કટીંગ લેતા અને મહેન્દ્ર ઉર્ફે બાપુ કુંવરસિંહ ઝાલા રહે. ખોડીયારનગર ગુજરાત હાઉસીંગ સોસાયટી બોર્ડ મકાન નં. ૧૩૨/ મારૂતિ સ્વીફ્ટ કાર નં. જીજે-૧૮-બીડી ૪૯૧૯ તથા એક હીરો હોન્ડા મોટર સાઈકલ નં. જીજે ૧૮-સીકયુ ૩૦૭૫ તથા વરલી મટકાના આંકડા લખેલ સાહિત્ય વગેરે મળી કુલ રૂ. ૪,૦૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ આરોપીને જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી જેલ હવાલે કર્યા હતા. આ મામલાની તપાસ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ સંભાળી રહી છે.

## એસ.એસ.આઈ.ટી. ખાતે બુટ કેમ્પ યોજાયો

સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે એન્ટરપ્રેનીયોરશીપ બુટ કેમ્પ યોજાયો હતો. સેન્ટર ફોર એન્ટપ્રેનીયોરશીપ ડેવલોપમેન્ટના ડાયેકટર અને મુખ્ય મહેમાન-સ્પીકર તરીકે ડૉ. આર.એન. પ્રસાદને આમંત્રીત કરવામાં આવ્યા હતા. ડૉ.આર.એન. પ્રસાદે જણાવ્યું કે વિદ્યાર્થી મિત્રોને સાચા એન્ટરપ્રેનીયોર બનાવવાના અને યુવાનોને સ્કીલ ડેવલોપમેન્ટ પર વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા એસ.એસ.આઈ.ટી. ભાટ ખાતે સી.ઈ.ડી. સેન્ટર ઓફ એકસીલન્સની શરૂઆત ટૂંક સમયમાં કરવામાં આવશે.

## નર્સીંગ કોલેજમાં હેલ્થ મેનેજમેન્ટ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગના સેકટર-૧૨ ખાતેની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે આજે વિદ્યાર્થીઓ માટે હેલ્થ મેનેજમેન્ટનો સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે વી-કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલે વિદ્યાર્થીઓને એકાગ્રતા કેળવવા સાથે આરોગ્ય વિષયક માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલના જન્મદિન નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં જેસી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને મા-બાપ-ગુરૂનું સન્માન કરવાથી માંડીને હકારાત્મક વિચારસરણી અપનાવી યોગ, હાસ્ય વગેરેના ઉપયોગ થકી સ્વાસ્થ્ય જાળવણી અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.